## હિંમતનગરના ધારાસભ્યનો વૃક્ષો પ્રત્યેનો પ્રેમ
# સ્વાતંત્ર પર્વે કબ્રસ્તાનમાં વૃક્ષારોપણ કરી અનોખી મિશાલ પુરી પાડી

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જિલ્લામાં સ્વાતંત્ર પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાના જુદા જુદા મથકો ઉપર ધ્વજવંદન બાદ રંગા રંગ કાર્યક્રમો સહિત વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાયા હતાં. હિંમતનગરના યુવાન ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ ધ્વજવંદન બાદ કબ્રસ્તાનમાં વૃક્ષારોપણ કરી પોતાના વૃક્ષો પ્રત્યેનો પ્રેમ વ્યકત કરી અનોખી મિશાલ પુરી પાડી હતી.

હિંમતનગર ખાતે સ્વાતંત્ર પર્વની ઉજવણી દરમિયાન ઠેર ઠેર વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાયા હતા. હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ શહેરના ચાંદનગર કબ્રસ્તાનમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે સર્વોદય બેંકના ચેરમેન કાદરભાઈ હરસોલીયા, પટણી સુની વોરા જમાતના પ્રમુખ હાજી ઈકબાલભાઈ મુતવલલી, અગ્રણી અ. રઉફભાઈ શેઠ, કબ્રસ્તાન કમિટીના પ્રમુખ મહમદનૂર હરસોલીયા, શાહીદ હરસોલીયા, ઈમરાન વલજીવાલા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# તલોદમાં પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ પટેલના હસ્તે ત્રિરંગો લહેરાયો

તલોદ, તા. ૧૭

સમગ્ર ભારતમાં હર્ષોલ્લાસની સાથે સ્વાતંત્ર્યતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેવામાં ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે તલોદ પાલિકાના પ્રાંગણમાં દેશ ભક્તિ ગીતો સાથે રાષ્ટ્રગીત સાથે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

તલોદ નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ પટેલના હસ્તે ત્રિરંગાને સલામી આપવામાં આવી હતી. તેમજ ધ્વજ વંદન કરી સ્વતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સ્વાતંત્ર પર્વના પ્રસંગે ચિફ ઓફિસર સતિશભાઈ પટેલ દેશની આઝાદી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ શુભ પ્રસંગે પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ પટેલે દેશના શહિદ જવાનોને યાદ કરી સમગ્ર દેશવાસીઓ સ્વતંત્ર દિનની શુભેચ્છા પાઠવી હતી. તેમજ તલોદ નગરજનોને વિવિધ વિકાસની જાણકારી આપી હતી. તેમજ નગરના વિકાસ માટે સર્વે પ્રજા સાથે સાથ અને સહકારની અપેક્ષા રાખવા વિનંતી કરી હતી. તેમજ વિકાસના મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવા ધ્વજવંદન બાદ એક બેઠકનું પણ આયોજન પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ વિવિધ કાઉન્શીલરો, વેપારી આગેવાનો તેમજ ક્ષત્રીય સમાજના આગેવાનો ગાભુસિંહ ઝાલા તેમજ શાળાના વિદ્યાર્થીઓ શિક્ષક ગણ વગેરે મોટી સંખ્યામાં હાજરી આપી હતી.



ખેડબ્રહ્મા શહેરમાં આવેલ જનરલ હોસ્પિટલમાં નવીન બનાવેલ બ્લોક હેલ્થની નવીન કચેરીનું ઉદ્‌ઘાટન શિક્ષણ, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ કાયદો અને ન્યાય, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર અને જિલ્લાના મુખ્ય અધિકારીઓ, આરોગ્ય અધિકારી મનિષ ફેન્સી, મેલેરીયા અધિકારી બી.એ. રાઠોડ, એસ.એસ. ગઢવી, જનરલ સર્જન ડૉ. આદિત્ય ગઢવી હાજર રહ્યા હતા.
(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# હિંમતનગર-રતનપુર હાઈવે પર રાયગઢ પાસે સનસનાટી ભરી લૂંટ

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લામાં અસામાજીક પ્રવૃત્તિઓનો ગ્રાફ ઉંચકાઈ રહ્યો છે. જિલ્લાના જુદા જુદા મથકો પર લૂંટ, અપહરણ, બળાત્કાર, હત્યા અને ઘરફોડ ચોરીઓના બનાવો માજા મૂકી રહ્યા છે. અસામાજીક તત્વો પર પોલીસનો ડર ન હોવાનો અહેસાસ લોકોને થઈ રહ્યો છે. જિલ્લાના હાર્દ સમા અને દિવસ રાત વાહનોથી ધમધમતા હિંમતનગર-રતનપુર નેશનલ હાઈવે પર લૂંટની વારદાત થતા ચકચાર મચી જવા પામી છે. રાયગઢ પાસે ગત રાત્રિના એક વાગ્યાના સુમારે રાજસ્થાનથી રૂ. ૩૨ લાખ રોકડા અને ૧૧ કિલો ચાંદી સાથે ટોયટા કવોલીસ ગાડીમાં રાજકોટ જઈ રહેલ ડ્રાઈવર અને અન્ય એક ઈસમને બાંધી લૂંટ ચલાવી નંબર વગરની સ્કોર્પીયો ગાડીમાં ફરાર થઈ ગયાની ફરિયાદ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

લૂંટની વારદાતની વિગત અનુસાર રાજસ્થાનથી ટોયટો કવોલીસ ગાડી નંબર જી.જે. ૧ એચ.એ. ૪૮૫૪માં વિજયકાન્તભાઈ માવાણી અને ડ્રાઈવર રૂ. ૩૨ લાખ રોકડા અને ૧૧ કિલો ચાંદી લઈ રાજકોટ જઈ રહ્યા હતા તે દરમિયાન રાયગઢ ગામ પાસે હાઈવે પર એક નંબર વગરની સ્કોર્પીયો ગાડીએ ઓવરટેક કરી તેમની ગાડી ઉભી રખાવી હતી. લૂંટના ઈરાદે આવેલા ચાર ઈસમોએ તેમના પર વાર કરી ડ્રાઈવર અને વિજય માવાણીને ગાડીમાં બાંધી દઈ રૂ. ૩૨ લાખ રોકડા અને ૧૧ કિલો ચાંદીની લૂંટ કરી લૂંટારુંઓ નંબર વગરની સ્કોર્પીયો ગાડીમાં ફરાર થઈ ગયા હતા. બનાવની જાણ થતા ગાંભોઈ પી.એસ.આઈ. ઝાલા પોલીસ સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી વિજય કાન્તિ માવાણી રહે. રાજકોટની ફરિયાદના લૂંટારુંઓનું પગેરૂ મેળવવા તપાસ હાથ ધરી છે.



પાલનપુર વિદ્યા મંદિર ખાતે બનાસકાંઠા પોલીસ મમતા મંદિરના બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરાઈ હતી તે પ્રસંગની તસવીર.
(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પ્રાંતિજ ગ્રીનપાર્ક સોસાયટીના રહિશો પ્રાથમિક સુવિધાથી વંચિત

## બિલ્ડર અને પાલિકાની લડાઈમાં સોસાયટીના રહિશો મુશ્કેલીમાં મુકાયા છે

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજ નેશનલ હાઈ-વે રોડ પર આવેલ ગ્રીનપાર્ક વિભાગ-૧ સોસાયટીના રહિશોને વીજળી, પાણી, સફાઈ જેવી રોજીંદી ઉપયોગમાં લેવાય તેવી આવશ્યક સુવિધાઓ ન મળતાં રહિશોમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ પ્રાંતિજ શહેરમાં ગ્રીનપાર્ક વિભાગ-૧ સોસાયટીના રહિશોને વીજળી, પાણી અને સફાઈની સુવિધા એકાએક પાલિકા તંત્ર દ્વારા બંધ કરી દેવાતા રહિશોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જ્યારે રાત્રીના સમયે સ્ટ્રીટલાઈટો ના હોવાથી અંધારામાં ચોરીનો ભય રહિશોમાં ફેલાયેલો છે. અસામાજીક પ્રવૃત્તિઓ રાત્રીના સમયે આ વિસ્તારમાં ધમધમતી હોવાથી ચાલતા પસાર થતા પણ લોકો ડરી રહ્યા છે. જ્યારે સોસાયટીના રહિશોને પારાવાર મુશ્કેલીઓ માટે જાતે ઉજાગરા કરવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. અને તંત્રના સફાઈ કામદાર કોઈ આ વિસ્તારમાં ફરકતુ પણ નથી. આથી ગંદકીના ઢગ ખડકાયા છે. ચોમાસાની ઋતુમાં ગંદકીને કારણે મચ્છરોનો ત્રાસ વધતાં લોકોના આરોગ્ય સામે પણ અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. ગ્રીનપાર્ક સોસાયટીના રહિશોને જે પીવાના પાણીની ટાંકીમાંથી પાણી આપવામાં આવે છે તેમા કચરો અને લીલ હોવાથી પાણી પણ પીવાલાયક નથી તેવું રહિશોનું કહેવું છે. જ્યારે આ સમગ્ર મામલામાં બિલ્ડર અને પાલિકાની લડતમાં સોસાયટીના રહિશો ભીંસાઈ રહ્યા છે. સોસાયટડીના પ્રમુખ, મંત્રીએ પણ બિલ્ડરને જરૂરી દસ્તાવેજો સોંપવા માટે અરજી કરી છે. તેમજ પાલીકામાં પણ લેખિત તેમજ મૌખિક આવશ્યક સેવાઓ માટે અરજી રહિશોએ કરી છે. આ અંગે સમયસર યોગ્ય નિકાલ નહી આવે તો ગ્રીનપાર્ક સોસાયટીના રહિશો ઉગ્ર આંદોલન કરવાના મૂડમાં જણાય છે.

# સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક શનિવારે હિંમતનગરના બહુમાળી ભવન ખાતે મળી હતી. જેમાં બેઠકના અધ્યક્ષ જિલ્લા સમાહર્તા તેમજ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા અને નિયામકની ગેરહાજરી જણાતા કોંગ્રેસના ધારાસભ્યોએ વિરોધ દર્શાવી બેઠકનો બહિષ્કાર કરી વોક આઉટ કરી ગયા હતા. જો કે સંકલન સમિતિની બેઠક જિલ્લા અધિક કલેક્ટર પી.કે. બારહટના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં વિકાસના કામો અને પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરી નીતિ વિષયક નિર્ણયો લેવામાં આવ્યા હતા.

જિલ્લાની સંકલન સમિતિની બેઠક આજે મળી હતી. જેમાં બેઠકના અધ્યક્ષ કલેકટર સહિત ઉચ્ચ અધિકારીઓ કોઈ કારણોસર બેઠકમાં ઉપસ્થિત રહ્યા ન હતા. જેને લઈ કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા), રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર), મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) અને મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ)એ ભારે નારાજગી દર્શાવી બેઠકનો બહિષ્કાર કરી આજ પ્રશ્નો સાથે ફરી બેઠક બોલાવવા માટે આવેદનપત્ર આપ્યુ હતુ. કોંગી ધારાસભ્યોના વોક આઉટ બાદ સંકલન સમિતિની બેઠક રાબેતા મુજબ શરૂ થઈ હતી. જેમાં સામૂહિક વિકાસ કામોમાં દરેક સરકારી વિભાગો અને કચેરીઓ વચ્ચે સંકલન સાધવામાં આવે અને વિકાસ કામને ઝડપભેર પૂર્ણ કરવા અમલીકરણ અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે બી.પી.એલ. લાભાર્થીને મકાન-જમીન, સિંચાઈ અને રસ્તાના પ્રશ્નો વિશે અધિકારીઓ સાથે પરામર્શ કરી ઉકેલની દિશામાં કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતું.


અધિક કલેક્ટર પી.કે. બારહટે સરકારી કર્મચારીઓના પેન્શન કેઈસો એક વર્ષ પહેલા જ રજૂ કરી દેવા અને પેન્શન પર જતા કર્મચારી-અધિકારીને નિવૃત્તિના પહેલા માસથી જ પેન્શન મળતુ થાય તેવું સુદ્દઢ આયોજન કરવા અમલીકરણ અધિકારીઓને ભારપૂર્વક સૂચના આપી હતી.

બેઠકના સરકારી કચેરીના સરકારી કચેરીઓના લેવા લેણા વસૂલાત વગેરે બાબતોની ચર્ચા કરી હતી. ઉપરાંત આગામી સમયમાં યોજનાર ગરીબ કલ્યાણ મેળા સંદર્ભે પ્રાંત અધિકારી, મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીઓ સુદ્દઢ આયોજન કરવા જણાવ્યું હતું.

## ટ્રિનિટી એજ્યુકેશનલ કેમ્પસમાં ૬૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

ટ્રિનિટી એજ્યુકેશનલ કેમ્પસ તલોદ ખાતે ૬૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ભારે ધામધૂમથી કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

ટ્રિનિટી સ્કૂલ તલોદ ખાતે ૬૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે શાળાના બાળકોએ દેશભક્તિ ગીતો, દેશનેતાઓ વિશે વક્તવ્ય, લઘુનાટિકા તેમજ દેશભક્તિ ગીત આધારિત ગ્રુપ ડાન્સ રજુ કરી ઉપસ્થિત મહેમાનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાન મોહનભાઈ ગંગારામભાઈએ વિદ્યાર્થીઓને ભારતનો ભૂતકાળ, ભારતનો ભવ્ય વારસો અને ભારતની સંસ્કૃતિનો સરળ શૈલીમાં પરિચય કરાવ્યો હતો અને બાળકોને આદર્શ નાગરિક બનવાની હિમાયત પ્રવચનમાં કરી હતી. આ પ્રસંગે ટ્રસ્ટીઓ આર.એલ. પટેલ, ડૉ. વસંતભાઈ, કિરીટભાઈ, શૈલેષભાઈ, અલ્પેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતા.



ખેડબ્રહ્મા શહેર મધ્યે આવેલા સહારા ઈન્ડિયા પરીવાર ફ્રેન્ચાઈઝી ખાતે ૬૭મા સ્વતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સહારા ઈન્ડિયા પરિવારના કાર્યકર્તા પ્રજાપતિ ઓમજીભાઈના હસ્તે ધવજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સી.એફ.એમ.આર.-૫ના બી.કે. પ્રજાપતિ, પી.જે. દરજી રાજુભાઈ વૈષ્ણવ અને મોટા ભાગના કાર્યકર્તા હાજર રહ્યા હતા. જેઓએ રાષ્ટ્રગીત ગાઈ ધ્વજવદન કર્યું હતું. આ પ્રસંગને સફળ બનાવવા સંજયભાઈ અને સ્ટાફ મિત્રો દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# પ્રાંતિજ વાલ્મિકી સમાજ દ્વારા ઋષિ પંચમી મહોત્સવ ઉજવાશે

વાલ્મિકી સમાજ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ ૫૭મી ઋષિ પંચમી મહોત્સવની ઉજવણી ૧૦-૯-૧૩ને મંગળવારના રોજ યોજાશે. આ મહોત્સવમાં સ્વપચ ઋષિની પૌરાણિક મૂર્તિને આખા નગરમાં વરઘોડા સ્વરૂપે યાત્રા કરાવાશે. જેથી તમામ લોકો દર્શનનો લાભ લઈ શકે તેમજ આ પ્રસંગ માટે દાન આપવા માટે તા. ૨૦-૮-૨૦૧૩ સુધી સમાજના પ્રમુખ આર.કે. ચૌહાણનો સંપર્ક સાધવા માટે જણાવેલ છે.


ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧


# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| મગફળી | ૬૧૪ | ૮૦૬ |
| એરંડા | ૬૮૦ | ૬૯૫ |
| રાયડો | ૫૧૦ | ૫૫૭ |
| ઘઉં | ૩૦૫ | ૩૫૮ |
| બાજરી | ૨૧૯ | ૩૦૨ |
| મકાઈ | ૩૦૦ | ૩૧૭ |
| ગવાર | ૭૬૦ | ૧૦૨૩ |
| ડાંગર જ્યા | ૨૯૦ | ૩૧૦ |

| સલાલ | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૭૬૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૧૯૦ | ૨૫૦ |
| ડાંગર જ્યા | ૩૦૦ | ૩૪૦ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૦૦ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૩૦૦ | ૩૪૨ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૫ |
| બાજરી | ૨૪૦ | ૨૭૨ |
| મકાઈ | ૨૯૧ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૦ |
| ગવાર | ૮૦૦ | ૯૭૦ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉં લોકવન૩૧૦૩૨૦ | | |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૩૫ |
| મકાઈ | ૨૮૫ | ૨૮૮ |
| એરંડા | ૬૫૦ | ૬૬૦ |

| મોડાસા | | |
|---|---|---|
| મગફળી | ૪૫૧ | ૭૪૧ |
| એરંડા | ૬૭૫ | ૬૯૩ |
| બાજરી | ૨૫૦ | ૨૯૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૩૩ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૫ |
| ગવાર | ૭૫૦ | ૯૨૧ |

| ટીંટોઈ | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૭ |
| બાજરી | ૨૪૫ | ૨૬૩ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૮ |
| ગવાર | ૮૫૦ | ૧૦૦૦ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૭૬ | ૨૮૨ |
| ઘઉં | ૩૧૦ | ૩૧૮ |
| ડાંગર | ૨૭૦ | ૨૯૦ |
| એરંડા | ૬૭૦ | ૬૮૨ |
| ગવાર | ૮૯૨ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૭૫ | ૩૦૦ |
| તુવેર | ૫૫૦ | ૬૨૫ |
| જુવાર | ૨૭૦ | ૩૩૨ |
| રાયડો | ૫૫૦ | ૫૮૫ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૭૨ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૧૫ |
| ડાંગર | ૨૭૦ | ૨૮૫ |
| એરંડા | ૬૭૦ | ૬૭૮ |
| ગવાર | ૮૮૫ | ૯૮૫ |
| મકાઈ | ૨૭૦ | ૨૯૦ |
| તુવેર | ૫૪૦ | ૬૨૧ |
| જુવાર | ૨૭૦ | ૩૩૦ |
| રાયડો | ૫૪૦ | ૫૮૦ |

| ઈડર | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૮૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |

| કડી | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૩૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૬ |
| ડાંગર | ૨૬૦ | ૩૧૫ |
| ગવાર | ૮૦૦ | ૧૦૦૧ |
| એરંડા | ૬૭૪ | ૬૮૦ |
| રાયડો | ૫૮૫ | ૫૯૦ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| રાયડો | ૫૭૦ | ૬૧૮ |
| એરંડા | ૬૬૫ | ૭૦૪ |
| ગવાર | ૮૦૦ | ૧૦૩૭ |
| ઘઉં | ૨૮૦ | ૩૭૩ |
| બાજરી | ૧૯૫ | ૨૮૦ |
| જુવાર | ૫૦૦ | ૫૬૪ |
| જવ | ૨૬૦ | ૨૭૫ |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૫૭.૫૦ |
| જુવાર | ૨૭૫ | ૪૯૧ |
| બાજરી | ૨૦૦ | ૩૦૬ |
| ગવાર | ૭૩૨ | ૧૦૩૦ |
| રાયડો | ૫૯૦ | ૬૨૫ |
| એરંડા | ૬૭૫ | ૭૦૫ |
| જવ | ૨૬૫ | - |
| રજકાબી | ૧૫૦૦ | ૨૭૯૫ |

| મહેસાણા | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૫ | ૩૫૦ |
| રાયડો | ૫૬૦ | ૬૧૨ |
| બાજરી | ૨૨૬ | ૩૬૭ |
| જીરૂ | ૨૨૫૦ | ૨૪૫૧ |
| એરંડા | ૬૭૫ | ૬૯૫ |
| વરીયાળી | ૮૪૦ | - |
| ગવાર | ૮૦૭ | ૧૦૧૧ |
| સવા | ૬૫૦ | ૭૫૧ |
| રજકાબી | ૧૭૦૦ | ૨૮૦૦ |
| અજમો | ૭૪૦ | - |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૪ | - |
| બાજરી | ૨૬૨ | ૨૮૧ |
| એરંડા | ૬૬૯ | ૬૮૬ |
| રાયડો | ૫૯૦ | - |

| જોટાણા | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૧૫ | ૨૭૫ |
| એરંડા | ૬૭૦ | ૬૭૬ |
| રાયડો | ૫૯૦ | - |
| ગવાર | ૯૯૯ | ૧૦૦૦ |

| હારીજ | | |
|---|---|---|
| રાયડો | ૫૭૦ | ૬૧૧ |
| એરંડા | ૬૭૦ | ૬૯૫ |
| સાસટો | ૨૦૦ | ૨૫૦ |
| બાજરી | ૨૨૫ | ૨૫૯ |
| ઘઉં | ૨૯૨ | ૩૩૪ |
| ગવાર | ૮૫૦ | ૧૦૭૭ |
| સવા | ૬૦૦ | ૬૩૫ |
| જીરૂ | ૨૦૫૦ | ૨૫૩૧ |

| બાયડ | | |
|---|---|---|
| બાજરી | ૨૩૫ | ૨૭૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| એરંડો | ૬૬૦ | ૬૮૫ |
| ગવાર | ૮૫૦ | ૯૫૦ |

| ઉંઝા | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૩૫ | ૨૬૨૬ |
| વરીયાળી | ૯૩૦ | ૧૬૫૦ |
| ઈસબગુલ | ૧૦૭૧ | ૧૩૬૪ |
| રાયડો | ૫૬૭ | ૬૬૮ |
| તલ | ૧૮૨૭ | ૨૦૦૧ |

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૩૦ | ૨૩૦ |
| બટાટા ડીસા | ૧૮૦ | ૨૬૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૭૦૦ | ૮૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૮૦૦ | ૯૫૦ |
| રીંગણ | ૩૦૦ | ૬૦૦ |
| રવૈયા | ૩૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૨૦૦ | ૪૦૦ |
| ટામેટા પાકા | ૨૦૦ | ૪૮૦ |
| દૂધી | ૧૦૦ | ૩૪૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| ગીલોડા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચાં દેશી | ૩૬૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૬૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| મરચા ધોલાર | ૬૦૦ | ૧૧૦૦ |
| કોથમીર | ૧૮૦ | ૪૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૫૦ |
| ભીંડા | ૨૦૦ | ૬૦૦ |
| ગવાર | ૬૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૪૦૦ | ૭૦૦ |


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601